દેશના સૌથી 'અમીર' પક્ષ તરીકે બસપા પ્રથમ અને સપા બીજા ક્રમે

બસપાના સરકારી બેંકોમાં રહેલા આઠ ખાતામાં ૬૬૯ કરોડ રૂપિયા જમા છે : ૧૯૬ કરોડ સાથે કોંગ્રેસ ત્રીજા અને ૮૨ કરોડ સાથે ભાજપ પાંચમા ક્રમે

ન્યુ દિલ્હી,તા.૧૫

બેંક બેલેન્સના મામલે માયાવતીની બહુજન સમાજ પાર્ટી (બસપા) દેશની તમામ રાજકીય પક્ષો અને પ્રાદેશિક પક્ષોમાં મોખરે છે. સત્તાવાર રિપોર્ટ મુજબ બસપા તરફથી ૨૫મી ફેબ્રુઆરીએ ચૂંટણી પંચને આપવામાં આવેલી માહિતી અનુસાર તેના સરકારી બેંકોમાં રહેલા આઠ ખાતામાં ૬૬૯ કરોડ રૂપિયા જમા છે.

૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પોતાનું ખાતુ પણ નહીં ખોલી શકનારા બસપા પાસે ૯૫.૫૪ લાખ રૂપિયા રોકડ છે. ગઠબંધન સહયોગી સમાજવાદી પાર્ટી આ મામલે બીજા ક્રમે છે. તેમની પાસે અલગ-અલગ ખાતાઓમાં કુલ ૪૭૧ કરોડ રૂપિયા છે. પાર્ટીએ મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને તેલંગણામાં થયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન ૧૧ કરોડ રૂપિયા વાપર્યા હતા.

કોંગ્રેસ આ યાદીમાં ત્રીજા ક્રમે છે. કોંગ્રેસ પાસે ૧૯૬ કરોડ રૂપિયાનું બેંક બેલેન્સ છે. જોકે, આ જાણકારી ગયા વર્ષે બીજી નવેમ્બરે ચૂંટણી પંચે જાહેર કરેલી માહિતી પર આધારિત છે. પાર્ટીએ મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢમાં વિજય બાદ પોતાનાં બેંક બેલેન્સની કોઈ અપડેટ આપી નથી.

ભાજપ આ યાદીમાં પ્રાદેશિક પાર્ટીઓ કરતા પણ પાછળ છે. ટીડીપી ચોથા ક્રમે અને ભાજપ પાંચમા ક્રમે છે. ભાજપ પાસે ૮૨ કરોડ રૂપિયાનું બેંક બેલેન્સ છે જ્યારે ટીડીપી પાસે ૧૦૭ કરોડ રૂપિયા બેંક બેલેન્સ છે. ભારતીય જનતા પાર્ટીનો દાવો છે કે તેમણે ૨૦૧૭-૧૮માં કમાયેલી ૧૦૨૭ કરોડમાંથી ૭૫૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરી દીધો છે જે કોઈ પણ પાર્ટી દ્વારા કરવામાં આવેલા ખર્ચમાં સૌથી વધારે રકમ છે.

જીંની ડિપોઝિટ વિધાનસભા ચૂંટણી પછી નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન ૧૧ કરોડ રૂપિયા ઘટી ગઈ, તેનાથી ઉંધુ વિધાનસભા દરમિયાન મ્જીંએ ૨૪ કરોડ રૂપિય ભેગા કર્યા જે પછી બેંક બેલેન્સમાં વધારો થયો. દ્રઢઈ દ્વારા રાજનીતિક પાર્ટીના ઈક્રમ ટેક્સ રિટર્ન પર કરવામાં આવેલા વિશ્લેષણ અનુસાર, ભાજપે ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭૦૧૮માં કોન્ટ્રિબ્યૂશનમાં સૌથી વધારે કમાણી કરી. જે દરમિયાન ક્રમશઃ ૧૦૩૪ અને ૧૦૨૭ કરોડ રૂપિયા ભેગા કર્યા. આ દરમિયાન મ્જીંએ ૧૭૪ કરોડ અને ૫૨ કરોડ રૂપિયા ભેગા કર્યા. કોંગ્રેસ ૨૦૧૬-૧૭માં ૨૨૫ કરોડ રૂપિયાની કમાણીની જાહેરાત કરી. આ સમયે ચૂંટણી પંચે આગામી વર્ષમી કમાણીની ઘોષણા નથી કરી. તમામ પાર્ટીઓને ૮૭% કમાણી સ્વેચ્છાથી આપેલા દાનથી થઈ છે.

ભીષ્મવાળી ભુલો ન કરવા મુલાયમને સુષ્માની સલાહ

આઝમના નિવેદન બાદ સુષ્મા પણ લાલઘૂમ : દ્રોપદીના ચીરહરણ ઘટના થઇ રહી છે ત્યારે સમાજવાદી પાર્ટીના લોકો મૌન રહેલા છે જ દુખદ બાબત છે : સુષ્મા

નવી દિલ્હી,તા. ૧૫

સમાજવાદી પાર્ટીના નેતા અને સામાન્ય રતે વિવાદાસ્પદ નિવેદનના કારણે ચર્ચામાં રહેનાર આઝમ ખાન રામપુરમાંથી ભાજપના ઉમદવાર જયા પ્રદા અંગે નિવેદન કરીન ચારબાજુથી ફસાઈ ગયા છે. વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે દ્રોપદીના ચીરહરણની તુલના કરતા કહ્યુ છે કે મુલાયમ સિંહ યાદવ સમાજવાદી પાર્ટીના ભીષ્મ પિતામહ છે. જેથી તેઓ ભીષ્મ પિતામહની જેવી જ ભુલ કરવી જોઈ નહીં. અખિલેશ યાદવની હાજરીમાં આઝમ ખાને વિવાદાસ્પદ નિવેદનો કર્યા હતા. સુષ્મા સ્વરાજે ટ્વીટ કરીને કહ્યુ છે કે મુલાયમ ભાઈ તમે સમાજવાદી પાર્ટીના પિતામહ સમાન છો. તમે ભીષ્મની જેમ મૌન રહેવાની ભુલ ન કરો. સુષ્મા સ્વરાજે અખિલેશ યાદવ, જયા ભાદુરી અને ડિમ્પલ યાદવને પણ ટ્વીટ કરીને કહ્યુ છે. બીજી બાજુ મુશ્કેલીમાં મુકાયેલા આઝમ ખાને યુ ટર્ન લઈને કહ્યુ છે કે તેમની વાતન ખોટી રીત રજૂ કરવામાં આવી છે.

આઝમે કહ્યુ હતુ કે તેઓએ કોઈનુ નામ લીધુ નથી. આઝમે કહ્યુ છે કે જો તેઓ દોષિત સાબિત થાય છે તો ક્યારેય ચૂંટણી લડશે નહીં. આઝમે કહ્યુ છે કે તેઓ રામપુરમાંથી નવ વખત ધારાસભ્ય તરીકે રહ્યા છે. એક વખત પ્રધાન તરીકે રહ્યા છ. તેમને સારી રીતે આ અંગેની માહિતી છે કે તેમને શુ કહેવુ જોઈએ અને શુ નહી.

આઝમે કહ્યુ છે કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવાના પ્રયાસ થયા છે. લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં પશ્ચિમી ઉત્તરપ્રદેશની આઠ લોકસભા સીટ પર ગુરુવારના દિવસે બીજા તબક્કામાં મતદાન થનાર છે. આમાથી છ સીટો પર બસપના વડા માયાવતી અને વડાપ્રધન નરેન્દ્ર મોદી વચ્ચે સીધી સ્પર્ધા રહેનાર છે. ગઠબંધન હેઠળ નગીના, અમરોહા, બુલંદ શહેર, અલીગઢ, આગરા અને ફતેપુરસિકરી સીટ પર બસપના ઉમેદવાર મેદાનમાં છે

મોદી ૨૦૧૯ પછી ચૂંટણીની પ્રક્રિયા કાઢી શકે છે : હાર્દિક

ભાજપ જીતશે તો ચૂંટણીકાર્ડને શો-કેસમાં મૂકી દેવા પડશે લોકશાહી માટે ભાજપ ઘાતક : કોંગ્રેસને જીતાડવા અપીલ

અમદાવાદ,તા.૧૫

ગુજરાત લોકસભાની ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજકીય પક્ષોના પ્રચાર-પ્રસાર ચરમસીમાએ છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. કોડીનારમાં અમિત શાહની સભા યોજાઈ હતી. ત્યારે ભાવનગરના મહુવાના વિજપડી પાસે આસરાણા ચોકડી ખાતે રાહુલ ગાંધીની જનસભાનું આયોજન કરાયું છે. વિપક્ષ નેતા પરેશ ધાનાણીને જીતાડવા રાહુલ ગાંધી, હાર્દિક પટેલ સહિતના સ્ટાર પ્રચારકો મેદાને ઉતર્યા છે. અમરેલી, જૂનાગઢ અને ભાવનગર બેઠક કબ્જે કરવા માટે કોંગ્રેસ દ્વારા વિશાળ જનસભાનું આયોજન કરાયું હતું. ભાવનગરના મહુવા ખાતેની પ્રચારસભામાં કોંગ્રેસના યુવા સ્ટારપ્રચારક હાર્દિક પટેલે આજે બહુ મોટી વાત કરી હતી કે, જો આ લોકસભા ચૂંટણીમાં ભૂલથી પણ ભાજપ જીત્યું તો, આપણે ચૂંટણીકાર્ડ શો-કેશમાં મૂકવા પડશે. મોદી ૨૦૧૯ પછી ચૂંટણીની પ્રક્રિયા જ કાઢી નાંખવાના મૂડમાં છે. આમ કહી, હાર્દિકે ગુજરાતના પ્રજાજનોને ચેતવ્યા હતા અને લોકશાહી માટે ભાજપને ઘાતક ગણાવી હતી તો, કોંગ્રેસને જીતાડવા અપીલ કરી હતી. કોંગ્રેસના યુવા સ્ટાર પ્રચાર હાર્દિક પટેલે જય જવાન જય કિસાનના નારા સાથે સંબોધન કરતા જણાવ્યું હતું કે, આ વર્ષે ભાજપ યેનકેન પ્રકારે સત્તા હાંસલ કરવા કોંગ્રેસ સામે સામ દામ દંડ અને ભેદની નીતિ અપનાવી રહી છે. થોડા સમય પહેલા મહુવામાં ખેડૂતો પર લાઠી વરસાવવામાં આવી હતી. અમરેલી, ભાવનગરના ઉમેદવારને મજબૂત બનાવવા અને સરકાર બનાવવામાં પ્રજાનો જોશ જોવા મળે છે. આવનારા દિવસો ખેડૂત, યુવાન અને રોજગારી માટેના છે. ભાજપ સરકારનું શાસન છે, છતાં હજુ સુધી ખેડૂતોને સિંચાઈનું પાણી મળતું નથી. જવાન શહીદ થાય તો તેના પરિવારને પૂરતું વળતર આપવાનું વચન કોંગ્રેસ સરકારે આપ્યું હતું. જો ભાજપ જીતશે તો આપણે ચૂંટણી કાર્ડ શોકેસમાં મુકવા પડશે, આ માણસ(મોદી) ૨૦૧૯ પછી ચૂંટણી દૂર કરવાના મૂડમાં છે.

કોંગ્રેસની ચાર બેઠક હરાવવા ભાજપે અલ્પેશને કામ સોંપ્યુ

હાલ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો માહોલ જામ્યો છે. બન્ને પાર્ટીઓના નેતાઓ એકબીજા પર આકરા પ્રહારો કરી રહ્યા છે, તો અમુક નેતાઓ વિવાદાસ્પદ નિવેદનો આપી રહ્યા છે. હાલ ગુજરાતમાં અલ્પેશ ઠાકોરને લઈને જોરદાર રાજનીતિ ચાલી રહી છે. ત્યારે એકપછી એક નેતાઓના નિવેદનો સામે આવી રહ્યા છે. લોકસભા ચૂંટણીને લઈ રાજકીય ગલિયારામાં એલફેલ નિવેદનોને લઈ વિવાદ અને રાજકારણ બંને ગરમાયા છે. આજે દિયોદર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બળવંતજી ઠાકોરે એક તબક્કે અલ્પેશ ઠાકોર પર બહુ ગંભીર આક્ષેપ કરતાં વિવાદીત નિવેદન કરી નાંખ્યું હતું કે, કોંગ્રેસની ચાર લોકસભા બેઠક હરાવવા માટે ભાજપે અલ્પેશ ઠાકોરને ઠેકો આપ્યો છે અને અલ્પેશ ઠાકોરે ભાજપ પાસેથી રૂ.૯૦ કરોડ લીધા છે. આ નિવેદનને પગલે રાજકીય ખળભળાટ મચી ગયો છે, ખાસ કરીને અલ્પેશ ઠાકોર અને તેના સમર્થકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ છે. દિયોદર તાલુકા પંચાયતના ઉપપ્રમુખે ભાજપ અને અલ્પેશ ઠાકોરને લઈને મોટો આરોપ લગાવતાં ગુજરાતના રાજકારણમાં તેને લઈ હાલ જોરદાર ચર્ચા ચાલી રહી છે. દિયોદર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બળવંતજી ઠાકોર અલ્પેશ ઠાકોર પર ગંભીર આરોપ લગાવતાં જણાવ્યું કે, અલ્પેશ ઠાકોરે ભાજપ પાસેથી ૯૦ કરોડ રૂપિયા લીધા છે.

શામળાજીના શ્યામલ વન નજીક "ધ બર્નિંગ ટ્રક"ની ઘટનાથી ભારે અફડાતફડી

શામળાજી, તા. ૧૫

ઉનાળાની શરૂઆત થતાની સાથેજ વાહનોમાં આગ લાગવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતો હોય છે. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક આવેલા શ્યામલ વન નજીક પસાર થતી ટ્રકમાં અગમ્ય કારણોસર આગ લાગતા ટ્રકમાં લાગેલી આગથી અજાણ ટ્રક ડ્રાઈવરે ટ્રક હંકારે રાખતા રોડ પર "ધ બર્નિંગ ટ્રક" જેવા દ્રશ્યો સર્જાતા ભારે નાસભાગ મચી હતી. ટ્રક ડ્રાઈવર અને ક્લીનર સમયસૂચકતા વાપરી ટ્રકમાંથી ઉતારતા જાનહાની ટળી હતી. મોડાસા ફાયરબ્રિગેડ ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવે તે પહેલા ટ્રકમાં રહેલો માલસામાન આગમાં ખાખ થયો હતો. શામળાજી નજીક આવેલા શ્યામલ વન નજીક રવિવારે વહેલી સવારે ટ્રક સળગી ઉઠતા નાસભાગ મચી ગઈ હતી. ટ્રકમાં પીવીસી પાઈપો, પરફ્યુમ સહિત, પરચુરણ સમાન આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. ટ્રકમાં પ્રફ્યુમ ભરેલ હોવાના કારણે આગ બેકાબુ બની હતી. પ્રાથમિક તારણો અનુસાર શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. ટ્રકમાં આગ લાગતા હાઈવે પરથી પસાર થતો વાહનવ્યવહાર થંભી જતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. સદનસીબે ટ્રક ડ્રાયવર અને ક્લીનરનો આબાદ બચાવ થતા દોડી આવેલા વાહનચાલકોએ, લોકોએ અને શામળાજી પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

ડીસા પંથકમાં હવામાનમાં પલટો

ડીસા સહિત જિલ્લામાં ભીષણ ગરમીના પ્રકોપ વચ્ચે હવામાનમાં ફરી એકવાર પલટો આવ્યો છે જેમાં આકાશમાં ઘુમ્મસભર્યો માહોલ છવાયો હતો અને પવન પણ ફૂંકાયો હતો તેથી ગરમીમાં રાહત થઈ હતી, પરંતુ હાલ ખેતરોમાં બાજરી અને જુવારનો પાક લહેરાઈ રહ્યો છે ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ કમોસમી વરસાદ કે ભારે પવન ફૂંકાય તો વ્યાપક નુકસાનની ચિંતા ધરતીપુત્રોને સતાવી રહી છે.

સાબરકાંઠા લોકસભા બેઠકના અપક્ષ ઉમેદવાર નિવૃત જવાનની ૨.૫ ફૂટની મૂછો મતદારોમાં આકર્ષણનુ કેન્દ્ર

લોકસભા-૨૦૧૯માં સાબરકાંઠા લોકસભા બેઠક પર ૨૦ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ૧૦ રાજકીય પાર્ટીના ચિન્હ નીચે અને ૧૦ અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે સીધો જંગ છે. ૧૦ અપક્ષ ઉમેદવાર ભાજપ-કોંગ્રેસનું ગણિત બગાડી શકે છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર અપક્ષ તરીકે જંગમાં ઝંપલાવનાર નિવૃત્ત નાયબ સુબેદાર મગનભાઈ લાખાભાઇ સોલંકીની ૨.૫ ફૂટ લાંબી મૂછો મતદારોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

મતદારો તેમને જોઈને "મૂછે હોતો મગનલાલ કે જૈસી વરના ના હો"ની બૂમો પાડી ઉઠે છે.

સાબરકાંઠા લોકસભા બેઠકના અપક્ષ ઉમેદવાર મગનભાઈ લાખાભાઈ સોલંકી કારગીલ યુદ્ધ લડી ચુક્યા છે. શ્રીલંકામાં પણ ફરજ બજાવવાની સાથે તેમને ફરજ દરમિયાન ૬ મેડલ મળી ચુક્યા છે. ખેડૂતોને દેવા માફી, બેરોજગારીમાં વધારો અને ખેડૂતોને પાક નિષ્ફળના વીમા મળતા ન હોવાથી અને અસહ્ય મોંઘવારીથી ગરીબોની હાલત કફોડી બનતા પ્રજાજનોના પ્રશ્નોને વાચા આપવા અપક્ષ તરીકે ચૂંટણી જંગના મેદાનમાં ઉતારવા મજબુર બન્યા હોવાનું જણાવ્યું હતું. નિવૃત ફોજીના પ્રચાર માટે તેમની ૨.૫ ફૂટની મૂછો જ સ્ટાર પ્રચારક બની રહે છે. જીલ્લાના શહેરી કે ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર માટે જાય છે. ત્યારે મતદારો મોટી સંખ્યામાં તેમની મૂછ જોવા ઉમટી પડે છે. તેમની ૨.૫ ફૂટ લાંબી મૂછ મત મેળવવા માટે અસરકારક રહે છે કે નહિ એતો પરિણામના દિવસેજ ખબર પડશે પરંતુ હાલ તો તેમની મૂછોના લીધે ભારે લોકપ્રિય બન્યા છે. ખાસ કરીને યુવાનો તેમના ચૂંટણી મુદ્દા કરતા મૂછો વિષે જાણવામાં વધુ રસ દાખવે છે. લોકસભા ઉમેદવાર મગનભાઈ લાખાભાઈ હિંમતનગરના હાજીપુર ગામના છે. મોડાસામાં પ્રચાર માટે આવ્યા ત્યારે તેમની ૨.૫ ફૂટ લાંબી મૂછના રાજ અંગે પુછાતા તેમને જણાવ્યું હતું કે મૂછ લશ્કરના જવાનની શાન છે. આર્મીમાં ભરતી થયો તે દિવસથી મૂછ રાખવાનું શરુ કર્યું હતું અને અનોખો શોખના પગલે આજે ૩૩ વર્ષે ૨.૫ ફૂટ લંબાઈ પ્રાપ્ત કરી છે. મૂછની વિશેષ માવજત કરાવી પડતી હોય છે. દરરોજ એક કલાક મૂછની માવજત કરવામાં જતો હોવાનું જણાવ્યું હતું.

મેયર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આતશબાજી વચ્ચે તેમણે હોદ્દાનો ચાર્જ સંભાળવા માટે મનપાની કચેરીમાં પ્રવેશ કર્યો હતો. ભારે પોલીસ બંદોબસ્ત મનપાની કચેરીમાં પ્રથમ માળે અને ચોથા માળે હતો. એક તબક્કે મ્યુનિ. કમિશ્નરશ્રીને રજુઆત કરવાના મુદ્દે અંદર પ્રવેશવાને લઈ કોંગ્રેસ કાઉન્સીલરો અને પોલીસ વચ્ચે શાબ્દીક ટપાટપી પણ થઈ હતી તેમને જે રીતે અટકાવવામાં આવ્યા તેને લઈ કમિશ્નરશ્રીને પણ રજુઆત કરવામાં આવી હતી. ભાજપમાં મેયર અને ડે. મેયરના હોદ્દાનો ચાર્જ સંભાળવાને લઈ કમિશ્નરશ્રીની કચેરીમાં કોંગ્રેસના કાઉન્સીલરોએ કબ્જો જમાવી દીધો હતો અને બીજી તરફ અધિકારીઓ સાથે ટેલિફોનિક ચર્ચાઓ અને ખાનગી બેઠકોનો સિલસિલો ચાલ્યો હતો. જો કે બપોરે ૩ વાગે કમિશ્નરશ્રીએ રીટાબેન પટેલને ચૂંટાયેલા જાહેર કર્યા બાદ ડે. મેયર અને સ્થાયી સમિતિને લઈ પણ આદેશો જારી કરાયા હતા.

સવા કરોડનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા માટે સ્કોલરશીપ સાથે પ્રવેશ મેળવી ચુક્યાં હતા. હવે ગુગલ દ્વારા મેનહટ્ટન-ન્યુયોર્ક રીસર્ચ સેન્ટર ખાતે "એસાઈ-રેસિડેન્ટ" તરીકે આર્ટિફિશ્યિલ ઈન્ટેલીજન્સમાં રીસર્ચ કરવા મહર્ષિ ગોરની અધધ... પેકેજ સાથે પસંદગી કરવામાં આવી છે. મહર્ષિ ગોરને તેમના પરિવાર-મિત્રો સહિત ગાંધીનગર ઉપરાંત દેશના અનેક ભાગોમાંથી અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યાં છે. આ સાથે શહેરના યુવાનોમાં પણ ઉત્સાહ અને આત્મવિશ્વાસનો સંચાર થવા પામ્યો છે.

ધામા નાખ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એડવોકેટ જનરલ પાસેથી મેળવેલ માર્ગદર્શન સહિતની વાતનો ઉલ્લેખ કરેલ છે. જોકે કોંગ્રેસના કાઉન્સીલરો મળેલ પત્રની નકલો લઈ તેમના કાનૂનવિદો પાસે પહોંચ્યા છે. ચૂંટણી પ્રક્રિયાને લઈ વડીઅદાલતમાં કાલે મુદત હોવાથી આ બહુ ઉપયોગી થશે તેવી વાતો કોંગ્રેસના વર્તુળોમાંથી જાણવા મળેલ છે. લેખિત પ્રત્યુત્તર આપવામાં થઈ રહેલા વિલંબ વચ્ચે કોંગ્રેસના કેટલાક આગેવાનોએ ચાર વાગ્યા પછી તેઓ પણ મેયરનો ચાર્જ સંભાળશે તેવી વાતો વ્હેતી કરતાં રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ પહોંચી હતી. જો કે લેખિતમા મેયરની ચૂંટણીના પરિણામની જાહેરાતે ભારે વિવાદ જગાવ્યો છે.

વાતાવરણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આકરો બફારો વેઠયો હતો. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ આગામી બે દિવસ હજુ વાદળિયા વાતાવરણ વચ્ચે માવઠુ થવાની સંભાવના છે. ગાંધીનગરમાં પણ આજે વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી હતી. સવારના આકરા તાપ બાદ બપોરના સમયે અચાનક જ આકાશમાં વાદળોનો ઘેરોવો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે પણ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. બપોરના સમયે હળવા વાદળિયા વાતાવરણના લીધે નગરજનોને આકરા તાપમાં રાહત થઈ હતી.

આઝમ ખાન.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, જયા પ્રદા પર આઝમ ખાનની ટિપ્પણીનું સ્તર ખુબ જ અશ્લિલ અને નિમ્નસ્તરનું છે. આ પ્રકારના નિવેદન સજીવન લોકશાહી માટે આઘાતજનક છે. ઉત્તરપ્રદેશના રામપુરમાં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર આઝમ ખાન અને ભારતીય જનતા પાર્ટીના નેતા જયા પ્રદા વચ્ચે શાબ્દિક યુદ્ધ હવે ચરમસીમા પર પહોંચી ગયુ છે. રામપુરની શાહબાદ તહેસીલમાં આયોજિત કાર્યક્રમમાં આઝમ ખાને ભાષાની મર્યાદાને કુદાવી દેતા તેમની સામે જોરદાર નારાજગીનુ મોજુ દેશભરમાં ફેલાઈ ગયુ છે. આના કારણ આઝમખાનની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. સાથે સાથે સમાજવાદી પાર્ટીને પણ લોકસભા ચૂંટણી વેળા મોટો ફટકો પડ્યો છે.

સુપ્રીમની નોટીસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વરિષ્ઠ વકીલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષે ટિપ્પણી કરી હતી કે, હવે સુપ્રીમ કોર્ટે પણ કહી દીધું છે કે, ચોકીદાર ચોર છે.

અત્રે નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે હાલમાં સરકારના વાંધાઓને ફગાવી દઈને રાફેલ મામલે રિવ્યુ પિટિશન પર નવા દસ્તાવેજોના આધાર પર સુનાવણી કરવાનો નિર્ણય કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે રાફેલના મામલામાં ૧૦મી એપ્રિલના દિવસે સુનાવણી કરતી વેળા કેન્દ્ર સરકારને મોટો ફટકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે રાફેલ મામલામાં રિવ્યુ પિટિશન ઉપર નવેસરના દસ્તાવેજોના આધાર પર સુનાવણી કરવાનો ફેંસલો કર્યો હતો.

રાજીનામુ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ શકે તેવો સ્પષ્ટ અભિપ્રાય પિનાકીન જોશીએ આપ્યો હોવાથી તેમજ સામાન્ય સભાનુ પ્રોસીડીંગમાં સુધારા કરવા પણ સહમતિ આપી ન હતી. આ મુદ્દે ઉગ્ર શાબ્દીક ટપાટપી પણ મનપાના ઉચ્ચ અધિકારીઓ અને સેક્રેટરી વચ્ચે થઈ હોવાનું જાણવા મળેલ છે. આ મુદ્દે મ્યુનિ. સેક્રેટરીને ચાર કલાકમાં જ જવાબ આપવા માટેની કારણદર્શક નોટીસ પણ ફટકારવામાં આવી હોવાની વાતો બહાર આવવા પામી છે. આજે ભાજપના મેયર તરીકે રીટાબેન પટેલે વિવાદો વચ્ચે હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો. પિનાકીન જોશી અગાઉ વડોદરા મનપામાં પણ સેક્રેટરી તરીકે સેવાઓ આપી ચુક્યા છે. મનપાની રચના વખતથી તેઓ અર્થાત ૨૦૧૦થી આ હોદ્દો સંભાળી રહ્યા હતા. આજે મનપામાં જે રાજકીય દાવપેચ ખેલાયો તે પણ ટોક ઓફ ધી ટાઉન બન્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ